**અતારાંકિત યાદી**
**સભાગૃહના મેજ પર મૂક્યા**
**તારીખઃ– ૨૯/૦૨/૨૦૨૪**

# પંદરમી ગુજરાત વિધાનસભા
## ચોથું સત્ર–૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નોત્તરી

**ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે તા. ૨૯–૦૨–૨૦૨૪ ના રોજ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી**

**પ્રોટોકોલ પ્રભાગ દ્વારા મુલાકાતીઓના સરભરા ખર્ચની ચુકવણી**

અતારાંકિતઃ ૧૪૩૨ (૦૮–૧૧–૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય પ્રોટોકોલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૧૨/૧૯૯૬ અને તા. ૩૦/૦૮/૨૦૦૩ના ઠરાવ અન્વયે માન. મંત્રીશ્રીઓના કાર્યાલય ખાતે સરકારી સમારંભ / બેઠકોમાં તેમજ માન. મંત્રીશ્રીઓના મુલાકાતીઓ માટે ચા, કોફી, ઠંડા પીણા, હળવા નાસ્તા તથા ભોજન બિલોની ચુકવણી અંગેની વ્યવસ્થા સંબંધિત વિભાગો દ્વારા કરવાની થાય છે તે અન્વયે તા. ૩૧/૧૦/૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં માસવાર પ્રોટોકોલ પ્રભાગ કે તેના તાબા હેઠળની કચેરી દ્વારા કયા મંત્રીશ્રી / રાજ્યકક્ષાનાં મંત્રીશ્રીના કાર્યાલયના કેટલી રકમના બિલની ચુકવણી કોને કરવામાં આવે, અને

(૨) ઉક્ત રકમ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી ?

**પ્રોટોકોલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૬–૧૨–૨૦૨૩)

(૧) માન. મંત્રીશ્રીઓના કાર્યાલય ખાતે સરકારી સમારંભ/બેઠકોમાં તેમજ માન. મંત્રીશ્રીઓના મુલાકાતીઓ માટે ચા, કોફી, ઠંડા પીણા, હળવા નાસ્તા તથા ભોજન બિલોની ચુકવણી અંગે તા. ૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રોટોકોલ પ્રભાગ કે તેના તાબા હેઠળની કચેરી દ્વારા મંત્રીશ્રી/રાજ્યકક્ષાનાં મંત્રીશ્રીના કાર્યાલય માટે કોઇ ચુકવણું કરવામાં આવેલ નથી.

(૨) બજેટ હેડનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ઈંડાનું ઉત્પાદન**

અતારાંકિતઃ ૧૩૬૯ (૧૬–૧૨–૨૦૨૩) **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં ઈંડાનું કેટલું ઉત્પાદન થયું, અને

(૨) ઉક્ત વર્ષવાર ઈંડાનું ઉત્પાદન ઘટ્યું હોય તો તેના કારણો શા છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૫–૦૨–૨૦૨૪)

(૧) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ઈંડા ઉત્પાદન નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | ઈંડા ઉત્પાદન (લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૧ | ૧૯૩૧૯ |
| ૨ | ૨૦૨૧–૨૨ | ૧૯૪૯૪ |
| ૩ | ૨૦૨૨–૨૩ | ૧૮૭૯૦ |

(૨) વર્ષ ૨૦૨૧–૨૨ની સરખામણીમાં વર્ષ–૨૦૨૨–૨૩માં ઈંડા આપતી મરઘાઓની વસ્તીમાં ૨.૧૦% ઘટાડો નોંધાયેલ હોવાથી વર્ષ–૨૦૨૨–૨૩માં ઈંડા ઉત્પાદનમાં ઘટાડો નોંધાયેલ છે.

--------

**રાજ્યમાં હોસ્પિટલોમાં ઓક્સિજન પ્લાન્ટ બાબત**

અતારાંકિતઃ ૨૧૭ (૧૬–૦૫–૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યની કઈ સરકારી હોસ્પિટલોમાં કેટલી કેપેસીટીનો, કઈ કંપની દ્વારા, કેટલા ખર્ચે ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા,

(૨) ઉક્ત પ્લાન્ટવાર ઓએન્ડએમ અને વોરંટી કેટલા વર્ષની લેવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કયા–કયા પ્લાન્ટ કાર્યરત છે અને કયા–કયા પ્લાન્ટ કયા કારણોસર ક્યારથી બંધ છે ?

**આરોગ્ય મંત્રીશ્રી:** (૧૭–૦૨–૨૦૨૪)

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યની સરકારી હોસ્પિટલોમાં સ્થાપિત ઓક્સિજન પ્લાન્ટસની માહિતીનું *પત્રક–અ સામેલ છે.

(૨) પ્લાન્ટવાર ઓએન્ડએમ અને વોરંટી અંગેની માહિતીનું *પત્રક–અ સામેલ છે.

(૩) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ કાર્યરત પ્લાન્ટ અને બંધ પ્લાન્ટની માહિતીનું પત્રક–અ સામેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં બેડની સુવિધા**

અતારાંકિતઃ ૧૦૬૮ (૧૭–૧૦–૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૦૯–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી હોસ્પિટલો આવેલી છે,

(૨) ઉક્ત હોસ્પિટલોવાર કેટલા બેડ છે,

(૩) ઉક્ત હોસ્પિટલોવાર કેટલા બેડ વધારવાની જરૂરિયાત છે, અને

(૪) તે ક્યાં સુધી વધારવામાં આવનાર છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૦૫–૦૨–૨૦૨૪)

(૧) રાજ્યમાં જિલ્લાવાર કુલ–૯૫ હોસ્પિટલો છે.

(૨) પત્રક–અ મુજબ

(૩) પત્રક–અ મુજબ

(૪) પત્રક–અ મુજબ

**પત્રક–અ**

**રાજ્યની સરકારી હોસ્પિટલોમાં બેડની સુવિધા**

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | ઉક્ત હોસ્પિટલમાં કેટલા બેડ છે. | કેટલા બેડ વધારવાની જરૂરિયાત છે. | તે ક્યાં સુધી વધારવામાં આવશે ? |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | સરકારી હોસ્પિટલ સિંગરવા | ૧૫૦ | ૦ | – |
| ૨ | અમદાવાદ | સરકારી હોસ્પિટલ ધંધુકા | ૧૦૦ | ૦ | – |
| ૩ | અમદાવાદ | રૂક્ષમણીબેન સરકારી હોસ્પિટલ ખોખરા | ૧૦૦ | ૦ | – |

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | ઉક્ત હોસ્પિટલમાં કેટલા બેડ છે. | કેટલા બેડ વધારવાની જરૂરિયાત છે. | તે ક્યાં સુધી વધારવામાં આવશે ? |
|---|---|---|---|---|---|
| ૪ | અમદાવાદ | જનરલ હોસ્પિટલ વિરમગામ | ૫૦ | ૦ | – |
| ૫ | અમદાવાદ | માનસિક આરોગ્યની હોસ્પિટલ અમદાવાદ | ૩૯૨ | ૦ | – |
| ૬ | અમદાવાદ | સિવિલ હોસ્પિટલ અમદાવાદ | ૩૨૦૦ | ૦ | – |
| ૭ | અમદાવાદ | ગવર્મેન્ટ સ્પાઈન ઈન્સ્ટીટ્યુટ અને ફીઝીયોથેરાપી કોલેજ, અમદાવાદ | ૮૦ | ૦ | – |
| ૮ | અમદાવાદ | એમ એન્ડ જે ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થલ્મોલોજી, અમદાવાદ | ૨૫૦ | ૦ | – |
| ૯ | અમદાવાદ | સરકારી ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ, અમદાવાદ | ૨૨ | ૦ | – |
| ૧૦ | આણંદ | જનરલ હોસ્પિટલ આણંદ | ૧૦૦ | ૦ | – |
| ૧૧ | આણંદ | એસ. એસ. હોસ્પિટલ પેટલાદ | ૧૧૯ | ૦ | – |
| ૧૨ | સુરેન્દ્રનગર | જનરલ હોસ્પિટલ સુરેન્દ્રનગર | ૧૫૦ | ૦ | – |
| ૧૩ | સુરેન્દ્રનગર | સરકારી હોસ્પિટલ ધ્રાંગધ્રા | ૮૦ | ૦ | – |
| ૧૪ | સુરેન્દ્રનગર | જનરલ હોસ્પિટલ લિંબડી | ૨૧૨ | ૦ | – |
| ૧૫ | ખેડા | જનરલ હોસ્પિટલ નડીયાદ | ૨૩૦ | ૦ | – |
| ૧૬ | ખેડા | જનરલ હોસ્પિટલ ખેડા | ૧૫૦ | ૦ | – |
| ૧૭ | ખેડા | જનરલ હોસ્પિટલ ડાકોર | ૧૦૦ | ૦ | – |
| ૧૮ | ગાંધીનગર | જનરલ હોસ્પિટલ માણસા | ૧૫૭ | ૦ | – |
| ૧૯ | મહેસાણા | જનરલ હોસ્પિટલ મહેસાણા | ૨૪૩ | ૦ | – |
| ૨૦ | મહેસાણા | કોટેજ હોસ્પિટલ ઉંઝા | ૧૦૦ | ૦ | – |
| ૨૧ | મહેસાણા | સરકારી હોસ્પિટલ વિસનગર | ૧૫૭ | ૦ | – |
| ૨૨ | મહેસાણા | સરકારી હોસ્પિટલ કડી | ૫૦ | ૦ | – |
| ૨૩ | મહેસાણા | સરકારી હોસ્પિટલ વિજાપુર | ૧૦૦ | ૦ | – |
| ૨૪ | પાટણ | જનરલ હોસ્પિટલ સિદ્ધપુર | ૧૫૦ | ૦ | – |
| ૨૫ | પાટણ | જનરલ હોસ્પિટલ રાધનપુર | ૧૦૦ | ૦ | – |
| ૨૬ | બનાસકાંઠા | સરકારી હોસ્પિટલ ડીસા | ૧૫૦ | ૦ | – |
| ૨૭ | બનાસકાંઠા | સરકારી હોસ્પિટલ થરાદ | ૧૫૦ | ૦ | – |
| ૨૮ | બનાસકાંઠા | આદ્યશક્તિ જનરલ હોસ્પિટલ અંબાજી | ૧૦૦ | ૦ | – |
| ૨૯ | બનાસકાંઠા | જનરલ હોસ્પિટલ ભાભર | ૧૦૦ | ૦ | – |
| ૩૦ | અરવલ્લી | કોટેજ હોસ્પિટલ ભિલોડા | ૭૦ | ૦ | – |
| ૩૧ | સાબરકાંઠા | જનરલ હોસ્પિટલ ખેડબ્રહ્મા | ૧૦૦ | ૦ | – |
| ૩૨ | સાબરકાંઠા | જનરલ હોસ્પિટલ ઈડર | ૧૫૦ | ૦ | – |
| ૩૩ | વડોદરા | જમનાબાઈ હોસ્પિટલ વડોદરા | ૨૧૩ | ૦ | – |
| ૩૪ | વડોદરા | આઈ. ડી. હોસ્પિટલ વડોદરા | ૫૦ | ૦ | – |
| ૩૫ | વડોદરા | માનસિક આરોગ્યની હોસ્પિટલ વડોદરા | ૩૦૦ | ૦ | – |
| ૩૬ | વડોદરા | એસ.એસ.જી હોસ્પિટલ, વડોદરા | ૧૫૧૩ | ૧૦૦ | વર્ષ ૨૦૨૩-૨૪ નવી બાબતમાં સમાવેશ કરેલ છે. |

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | ઉક્ત હોસ્પિટલમાં કેટલા બેડ છે. | કેટલા બેડ વધારવાની જરૂરિયાત છે. | તે ક્યાં સુધી વધારવામાં આવશે ? |
|---|---|---|---|---|---|
| ૩૭ | દાહોદ | સરકારી હોસ્પિટલ દેવગઢબારીયા | ૧૩૪ | ૦ | – |
| ૩૮ | દાહોદ | જનરલ હોસ્પિટલ ઝાલોદ | ૧૦૦ | ૦ | – |
| ૩૯ | છોટાઉદેપુર | જનરલ હોસ્પિટલ છોટાઉદેપુર | ૧૦૦ | ૦ | – |
| ૪૦ | મહિસાગર | કોટેજ હોસ્પિટલ લુણાવાડા | ૧૦૦ | ૦ | – |
| ૪૧ | પંચમહાલ | સરકારી હોસ્પિટલ સંતરામપુર | ૫૬ | ૦ | – |
| ૪૨ | પંચમહાલ | સરકારી હોસ્પિટલ હાલોલ | ૭૦ | ૦ | – |
| ૪૩ | પંચમહાલ | સરકારી હોસ્પિટલ મોરવા હડફ | ૫૦ | ૦ | – |
| ૪૪ | રાજપીપળા | જનરલ હોસ્પિટલ રાજપીપળા | ૩૩૦ | ૦ | – |
| ૪૫ | રાજપીપળા | સરકારી હોસ્પિટલ ડેડીયાપાડા | ૧૦૦ | ૦ | – |
| ૪૬ | રાજપીપળા | જનરલ હોસ્પિટલ ગરૂડેશ્વર | ૫૦ | ૦ | – |
| ૪૭ | રાજપીપળા | સરકારી હોસ્પિટલ કેવડીયા કોલોની | ૧૦૦ | ૦ | – |
| ૪૮ | ભરૂચ | જનરલ હોસ્પિટલ જંબુસર | ૫૦ | ૦ | – |
| ૪૯ | સુરત | સરકારી હોસ્પિટલ માંડવી–સુરત | ૧૦૦ | ૦ | – |
| ૫૦ | સુરત | જનરલ હોસ્પિટલ બારડોલી | ૫૦ | ૦ | – |
| ૫૧ | સુરત | સરકારી હોસ્પિટલ સુરત | ૫૦ | ૦ | – |
| ૫૨ | સુરત | નવી સિવિલ હોસ્પિટલ સુરત | ૧૨૫૦ | ૨૫૦ | વર્ષ ૨૦૨૪–૨૫ની નવી બાબતમાં સમાવેશ કરેલ છે. |
| ૫૩ | આહવા | જનરલ હોસ્પિટલ આહવા–ડાંગ | ૧૫૦ | ૦ | – |
| ૫૪ | નવસારી | જનરલ હોસ્પિટલ નવસારી | ૩૩૦ | ૦ | – |
| ૫૫ | નવસારી | કોટેજ હોસ્પિટલ વાંસદા | ૧૦૦ | ૦ | – |
| ૫૬ | નવસારી | સરકારી હોસ્પિટલ બિલિમોરા | ૩૦ | ૨૦ | જનરલ હોસ્પિટલ બિલીમોરા ખાતે ખુટતા બેડ સહિતના નવા આધુનિક હોસ્પિટલ બિલ્ડીંગ બનાવવા માટે રૂ. ૫૦૦.૦૦ લાખની વહીવટી અને નાણાકીય મંજૂરી મળેલ છે. PIU દ્વારા કામગીરી હાથ ધરેલ છે. જે પ્રગતિમાં છે |
| ૫૭ | નવસારી | સરકારી હોસ્પિટલ ચીખલી | ૫૦ | ૦ | – |
| ૫૮ | તાપી | જનરલ હોસ્પિટલ વ્યારા | ૧૫૦ | ૦ | – |
| ૫૯ | તાપી | સરકારી હોસ્પિટલ સોનગઢ | ૫૦ | ૦ | – |
| ૬૦ | તાપી | જનરલ હોસ્પિટલ ઉચ્છલ | ૫૦ | ૦ | – |
| ૬૧ | વલસાડ | સ્ટેટ હોસ્પિટલ ધરમપુર | ૧૫૦ | ૦ | – |
| ૬૨ | વલસાડ | સરકારી હોસ્પિટલ વાપી | ૫૦ | ૦ | – |
| ૬૩ | રાજકોટ | પી. કે. હોસ્પિટલ રાજકોટ | ૧૧૫ | ૦ | – |
| ૬૪ | રાજકોટ | સરકારી હોસ્પિટલ ધોરાજી | ૫૬ | ૦ | – |
| ૬૫ | રાજકોટ | સરકારી હોસ્પિટલ ગોંડલ | ૧૫૦ | ૦ | – |
| ૬૬ | રાજકોટ | સરકારી હોસ્પિટલ જેતપુર | ૬૮ | ૦ | – |
| ૬૭ | રાજકોટ | સરકારી હોસ્પિટલ ઉપલેટા | ૫૬ | ૦ | – |
| ૬૮ | રાજકોટ | જનરલ હોસ્પિટલ જસદણ | ૫૦ | ૦ | – |

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | ઉક્ત હોસ્પિટલમાં કેટલા બેડ છે. | કેટલા બેડ વધારવાની જરૂરિયાત છે. | તે ક્યાં સુધી વધારવામાં આવશે ? |
|---|---|---|---|---|---|
| ૬૯ | રાજકોટ | પી. ડી. પી. યુ હોસ્પિટલ, રાજકોટ | ૧૦૮૮ | ૦ | નવી MCH બિલ્ડીંગ તૈયાર છે જેનું લોકાર્પણ થયા બાદ ૫૦૦ પથારીનો MCH વિભાગ શરૂ કરવામાં આવશે. |
| ૭૦ | દેવભૂમિ દ્વારકા | જનરલ હોસ્પિટલ જામ ખંભાળીયા | ૧૫૦ | ૦ | – |
| ૭૧ | દેવભૂમિ દ્વારકા | સરકારી હોસ્પિટલ દ્વારકા | ૧૦૦ | ૦ | – |
| ૭૨ | મોરબી | જનરલ હોસ્પિટલ મોરબી | ૩૭૪ | ૦ | – |
| ૭૩ | મોરબી | સરકારી હોસ્પિટલ વાંકાનેર | ૫૦ | ૦ | – |
| ૭૪ | મોરબી | જનરલ હોસ્પિટલ હળવદ | ૧૦૦ | ૦ | – |
| ૭૫ | મોરબી | સરકારી આંખની હોસ્પિટલ મોરબી | ૧૦૦ | ૦ | – |
| ૭૬ | પોરબંદર | જનરલ હોસ્પિટલ પોરબંદર | ૨૪૧ | ૦ | – |
| ૭૭ | કચ્છ | સરકારી હોસ્પિટલ ગાંધીધામ | ૧૨૫ | ૦ | – |
| ૭૮ | કચ્છ | સરકારી હોસ્પિટલ માંડવી–કચ્છ | ૧૦૦ | ૦ | – |
| ૭૯ | કચ્છ | જનરલ હોસ્પિટલ અંજાર | ૫૦ | ૦ | – |
| ૮૦ | કચ્છ | સરકારી હોસ્પિટલ રાપર | ૧૦૦ | ૦ | – |
| ૮૧ | કચ્છ | માનસિક આરોગ્યની હોસ્પિટલ ભૂજ | ૭૫ | ૦ | – |
| ૮૨ | જામનગર | માનસિક આરોગ્યની હોસ્પિટલ જામનગર | ૫૦ | ૦ | – |
| ૮૩ | જામનગર | જી. જી. સરકારી હોસ્પિટલ, જામનગર | ૨૦૯૮ | ૦ | – |
| ૮૪ | જામનગર | સરકારી ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ, જામનગર | ૦ | ૨૦ | અંદાજે ૧ વર્ષ સુધીમાં |
| ૮૫ | ભાવનગર | સરકારી હોસ્પિટલ પાલીતાણા | ૫૬ | ૦ | – |
| ૮૬ | ભાવનગર | જનરલ હોસ્પિટલ મહુવા | ૨૦૦ | ૦ | – |
| ૮૭ | ભાવનગર | સર. ટી હોસ્પિટલ, ભાવનગર | ૧૦૨૧ | ૦ | – |
| ૮૮ | અમરેલી | સરકારી હોસ્પિટલ સાવરકુંડલા | ૧૫૦ | ૦ | – |
| ૮૯ | અમરેલી | જનરલ હોસ્પિટલ રાજુલા | ૧૦૦ | ૦ | – |
| ૯૦ | અમરેલી | સરકારી હોસ્પિટલ લાઠી | ૫૧ | ૦ | – |
| ૯૧ | બોટાદ | જનરલ હોસ્પિટલ બોટાદ | ૧૦૦ | ૦ | – |
| ૯૨ | ગીર સોમનાથ | જનરલ હોસ્પિટલ ઉના | ૫૦ | ૦ | – |
| ૯૩ | ગીર સોમનાથ | સરકારી હોસ્પિટલ ગીર–ગઢડા | ૧૦૦ | ૦ | – |
| ૯૪ | જૂનાગઢ | જનરલ હોસ્પિટલ કેશોદ | ૫૦ | ૦ | – |
| ૯૫ | વેરાવળ | જનરલ હોસ્પિટલ વેરાવળ | ૧૫૦ | ૦ | – |

––––––––

**રાજ્યમાં ખાદ્યચીજોની ભેળસેળની તપાસ**

અતારાંકિતઃ ૧૧૨૬ (૧૭–૧૦–૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૦૯–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ખાદ્ય વસ્તુઓ અને તેલમાં ભેળસેળની તપાસ કરવા કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) તેમાં મુખ્યત્વે કેવા પ્રકારની ભેળસેળવાળી વસ્તુઓ મળી, અને

(૩) ભેળસેળની પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા જિલ્લાવાર કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૦-૦૨-૨૦૨૪)

(૧) એનેક્ષર-૧ મુજબ.

(૨) તેમાં મુખ્યત્વે સબસ્ટાન્ડર્ડ, મિસબ્રાન્ડેડ અને અનસેફ પ્રકારની ભેળસેળો જોવા મળી.

(૩) એનેક્ષર-૨ મુજબ.

**એનેક્ષર-૧**

| અ.નં | વર્તુળ કચેરીનું નામ | ખાદ્ય વસ્તુઓની તપાસ માટે દરોડા | | | તેલની તપાસ માટે દરોડા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા.૧૫-૦૯-૨૦૨૦ થી તા.૧૫-૦૯-૨૦૨૧ | તા.૧૬-૦૯-૨૦૨૧ થી તા.૧૫-૦૯-૨૦૨૨ | તા.૧૬-૦૯-૨૦૨૨ થી તા.૧૫-૦૯-૨૦૨૩ | તા.૧૫-૦૯-૨૦૨૦ થી તા.૧૫-૦૯-૨૦૨૧ | તા.૧૬-૦૯-૨૦૨૧ થી તા.૧૫-૦૯-૨૦૨૨ | તા.૧૬-૦૯-૨૦૨૨ થી તા.૧૫-૦૯-૨૦૨૩ |
| ૧ | અમદાવાદ ઝોન-૧ | ૪૪ | ૫૨ | ૨૧ | ૨ | ૪ | ૪ |
| ૨ | અમદાવાદ-ઝોન-૨ | ૨૦ | ૧૦ | ૪૯ | ૨ | ૩ | ૩ |
| ૩ | અમરેલી | ૧૧ | ૯ | ૧૨ | ૪ | ૩ | ૪ |
| ૪ | આણંદ | ૭ | ૬ | ૧૦ | ૨ | ૧ | ૨ |
| ૫ | ભરૂચ | ૩૯ | ૫૮ | ૯૯ | ૦ | ૨ | ૬ |
| ૬ | ભાવનગર | ૪ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ |
| ૭ | ભૂજ | ૪૨ | ૯૭ | ૮૯ | ૫ | ૮ | ૧૧ |
| ૮ | દાહોદ | ૨૯ | ૩૩ | ૩૧ | ૧ | ૧ | ૩ |
| ૯ | અમદાવાદ ગ્રામ્ય વર્તુળ કચેરી, ગાંધીનગર | ૧૮ | ૬ | ૩ | ૧ | ૧ | ૦ |
| ૧૦ | ગોધરા | ૮ | ૧૨ | ૧૬ | ૦ | ૧ | ૧ |
| ૧૧ | ગીર સોમનાથ | ૭ | ૮ | ૯ | ૧ | ૧ | ૦ |
| ૧૨ | જામનગર | ૯ | ૧૨ | ૧૪ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | હિંમતનગર | ૪ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ |
| ૧૪ | જૂનાગઢ | ૧૧ | ૬ | ૭ | ૧ | ૧ | ૦ |
| ૧૫ | મહેસાણા | ૨૯૯ | ૩૮૦ | ૩૩૯ | ૪૭ | ૪૦ | ૨૭ |
| ૧૬ | નડિયાદ | ૩ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | નવસારી | ૫ | ૭ | ૮ | ૦ | ૦ | ૨ |
| ૧૮ | પાલનપુર | ૬૧ | ૧૧૨ | ૧૨૨ | ૯ | ૧૬ | ૧૯ |
| ૧૯ | પાટણ | ૪ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ |
| ૨૦ | પોરબંદર | ૩૫ | ૩૪ | ૩૧ | ૬ | ૫ | ૦ |
| ૨૧ | રાજકોટ | ૭૦ | ૧૧૭ | ૧૦૦ | ૧૦ | ૧૯ | ૧૩ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૧૮ | ૧૨ | ૧૪ | ૨ | ૧ | ૨ |
| ૨૩ | સુરત | ૧૦ | ૯ | ૨૩ | ૯ | ૧ | ૦ |
| ૨૪ | તાપી | ૨૭ | ૯૧ | ૯૫ | ૦ | ૧૦ | ૨ |
| ૨૫ | વડોદરા | ૭૩ | ૭૪ | ૧૩૪ | ૦ | ૧૦ | ૩ |
| ૨૬ | વલસાડ | ૭ | ૪ | ૪૮ | ૯ | ૪ | ૭ |
| ૨૭ | મોરબી | ૧૨ | ૧૩ | ૨૨ | ૨ | ૩ | ૫ |
| ૨૮ | અરવલ્લી | ૪ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ |
| ૨૯ | મહિસાગર | ૪ | ૫ | ૬ | ૦ | ૧ | ૧ |
| ૩૦ | ડાંગ-આહવા | ૦ | ૦ | ૫ | ૦ | ૨ | ૦ |

| અ.નં | વર્તુળ કચેરીનું નામ | ખાદ્ય વસ્તુઓની તપાસ માટે દરોડા | | | તેલની તપાસ માટે દરોડા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા.૧૫-૦૯-૨૦૨૦ થી તા.૧૫-૦૯-૨૦૨૧ | તા.૧૬-૦૯-૨૦૨૧ થી તા.૧૫-૦૯-૨૦૨૨ | તા.૧૬-૦૯-૨૦૨૨ થી તા.૧૫-૦૯-૨૦૨૩ | તા.૧૫-૦૯-૨૦૨૦ થી તા.૧૫-૦૯-૨૦૨૧ | તા.૧૬-૦૯-૨૦૨૧ થી તા.૧૫-૦૯-૨૦૨૨ | તા.૧૬-૦૯-૨૦૨૨ થી તા.૧૫-૦૯-૨૦૨૩ |
| ૩૧ | દેવભૂમિ દ્વારકા | ૬ | ૮ | ૯ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | છોટાઉદેપુર | ૮ | ૨૫ | ૫ | ૫ | ૧ | ૦ |
| ૩૩ | બોટાદ | ૪ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ |
| ૩૪ | અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન | ૨૧ | ૨૩ | ૨૨ | ૫ | ૫ | ૪ |
| ૩૫ | ભાવનગર મ્યુનિ. કોર્પોરેશન | ૮૬ | ૯૬ | ૧૨૩ | ૨૦ | ૧૨ | ૯ |
| ૩૬ | ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન | ૧૦ | ૬ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૩૭ | જામનગર મ્યુનિ. કોર્પોરેશન | ૧૫ | ૨૧ | ૧૯ | ૯ | ૬ | ૩ |
| ૩૮ | રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન | ૫ | ૮ | ૧૬ | ૧ | ૧ | ૧ |
| ૩૯ | સુરત મ્યુનિ. કોર્પોરેશન | ૮ | ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૧ |
| ૪૦ | વડોદરા મ્યુનિ. કોર્પોરેશન | ૪૭૧ | ૭૬૨ | ૫૯૯ | ૪૦ | ૪૮ | ૪૬ |
| ૪૧ | ગાંધીનગર મુખ્ય મથક | ૨૩ | ૧૭ | ૩૯ | ૭ | ૪ | ૫ |
| ૪૨ | જૂનાગઢ મ્યુનિ. કોર્પોરેશન | ૧૦ | ૭ | ૮ | ૧ | ૧ | ૦ |
| | **કુલ સંખ્યા** | **૧૫૫૨** | **૨૧૮૨** | **૨૧૯૧** | **૨૦૧** | **૨૨૧** | **૧૮૪** |

## એનેક્ષર-૨

| અ.નં | વર્તુળ કચેરીનું નામ | કુલ ઈસમો | ઈસમો સામે કરેલ કાર્યવાહી |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ ઝોન-૧ | ૭ | કુલ-૦૭ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૨ | અમદાવાદ-ઝોન-૨ | ૪૫ | કુલ-૪૩ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ-૦૨ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૩ | અમરેલી | ૩૨ | કુલ-૨૪ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ-૦૮ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૪ | આણંદ | ૨૧ | કુલ-૧૪ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ-૦૭ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૫ | ભરૂચ | ૧૯ | કુલ-૧૯ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૬ | ભાવનગર | ૧ | કુલ-૦૧ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૭ | ભૂજ | ૨૨ | કુલ-૨૨ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૮ | દાહોદ | ૪૬ | કુલ-૨૨ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ-૦૨ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |

| અ.નં | વર્તુળ કચેરીનું નામ | કુલ ઈસમો | ઈસમો સામે કરેલ કાર્યવાહી |
|---|---|---|---|
| ૯ | અમદાવાદ ગ્રામ્ય વર્તુળ કચેરી, ગાંધીનગર | ૬૦ | કુલ–૫૮ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ–૦૨ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૧૦ | ગોધરા | ૨ | કુલ–૦૨ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૧૧ | ગીર સોમનાથ | ૧ | કુલ–૦૧ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૧૨ | જામનગર | ૮ | કુલ–૦૭ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ–૦૧ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૧૩ | હિંમતનગર | ૬ | કુલ–૦૬ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૧૪ | જૂનાગઢ | ૧૦ | કુલ–૦૫ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ–૦૫ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૧૫ | મહેસાણા | ૧૧ | કુલ–૦૯ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ–૦૨ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૧૬ | નડિયાદ | ૧૯ | કુલ–૧૭ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ–૦૨ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૧૭ | નવસારી | ૪ | કુલ–૦૨ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ–૦૨ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૧૮ | પાલનપુર | ૩૮૭ | કુલ–૩૭૨ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ–૧૫ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૧૯ | પાટણ | ૨૨ | કુલ–૨૨ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૨૦ | પોરબંદર | ૫૦ | કુલ–૪૩ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ–૦૭ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૨૧ | રાજકોટ | ૮૯ | કુલ–૮૧ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ–૦૮ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૧ | કુલ–૦૧ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૨૩ | સુરત | ૨૮ | કુલ–૨૨ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ–૦૬ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૨૪ | તાપી | ૩ | કુલ–૦૩ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૨૫ | વડોદરા | ૧૭ | કુલ–૧૩ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ–૦૪ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૨૬ | વલસાડ | ૧૩ | કુલ–૧૩ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૨૭ | મોરબી | ૨૯ | કુલ–૨૯ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૨૮ | અરવલ્લી | ૭ | કુલ–૦૭ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૨૯ | મહિસાગર | ૮ | કુલ–૦૮ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૩૦ | ડાંગ–આહવા | ૦ | ૦ |
| ૩૧ | દેવભૂમિ દ્વારકા | ૨ | કુલ–૦૧ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ–૦૧ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૩૨ | છોટાઉદેપુર | ૦ | ૦ |
| ૩૩ | બોટાદ | ૩ | કુલ–૦૩ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૩૪ | અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન | ૭ | કુલ–૦૭ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૩૫ | ભાવનગર મ્યુનિ. કોર્પોરેશન | ૧૯ | કુલ–૦૭ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ કુલ–૧૨ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૩૬ | ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન | ૪૦ | કુલ–૪૦ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૩૭ | જામનગર મ્યુનિ. કોર્પોરેશન | ૧૦ | કુલ–૧૦ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |

| અ.નં | વર્તુળ કચેરીનું નામ | કુલ ઈસમો | ઈસમો સામે કરેલ કાર્યવાહી |
|---|---|---|---|
| ૩૮ | રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન | ૩૮ | કુલ–૩૨ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ<br>કુલ–૦૬ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૩૯ | સુરત મ્યુનિ. કોર્પોરેશન | ૪૯ | કુલ–૪૯ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ દાખલ કરેલ છે. |
| ૪૦ | વડોદરા મ્યુનિ. કોર્પોરેશન | ૩૧૫ | કુલ–૨૭૫ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ<br>કુલ–૪૦ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |
| ૪૧ | ગાંધીનગર મુખ્ય મથક | ૦ | ૦ |
| ૪૨ | જૂનાગઢ મ્યુનિ. કોર્પોરેશન | ૧૦ | કુલ–૦૮ ઈસમો સામે એડ્જ્યુડીકેટીંગ કેસ તેમજ<br>કુલ–૦૨ ઈસમો સામે ક્રિમિનલ કેસ દાખલ કરેલ છે. |

–––––––

**રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં બંધ વિભાગો**

અતારાંકિતઃ ૧૧૭૭ (૧૭–૧૦–૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૦૯–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ સરકારી હોસ્પિટલમાં જિલ્લાવાર કઈ હોસ્પિટલમાં કયા વિભાગોમાં સારવાર આપવાનું બંધ છે,

(૨) ઉક્ત હોસ્પિટલવાર સારવાર આપવાનું ક્યારથી કયા કારણોસર બંધ છે,અને

(૩) ઉક્ત બંધ પડેલા વિભાગો ક્યાં સુધીમાં પુનઃ શરૂ કરવામાં આવનાર છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૦–૦૨–૨૦૨૪)

(૧) પત્રક અ મુજબ

(૨) પત્રક અ મુજબ

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

**પત્રક–અ**

**રાજ્યની સરકારી હોસ્પિટલોમાં બંધ વિભાગો**

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | કયા વિભાગોમાં સારવાર આપવાનું બંધ છે ? | ક્યારથી બંધ છે ? | કયા કારણોસર બંધ છે ? |
|---|---|---|---|---|---|
| ૧ | દે.દ્વારકા | સ.હો.દ્વારકા | સર્જરી વિભાગ, ઓર્થોપેડીક વિભાગ, ફિજીશિયન વિભાગ, આઇ.સી.યુ. વિભાગ, બાળરોગ વિભાગ, ઓપ્થેલ્મિક વિભાગ, ડેન્ટલ વિભાગ, ફિજીયોથેરાપી વિભાગ | તા.૨૯–૧૦–૧૪,<br>તા.૨૯–૧૦–૧૪,<br>તા.૨૯–૧૦–૧૪,<br>તા.૨૯–૧૦–૧૪,<br>તા.૨૯–૧૦–૨૦,<br>તા.૩૦–૦૭–૨૨, | તજજ્ઞો અને ફિજીયોથેરાપીસ્ટની જગ્યાઓ ખાલી રહેવાના કારણે |
| ૨ | છોટાઉદેપુર | જ.હો.છોટાઉદેપુર | જનરલ સર્જરી વિભાગ, ઓર્થોપેડીક વિભાગ | તા.૧૩–૬–૨૩,<br>તા.૨૪–૦૬–૨૨ | તજજ્ઞોની જગ્યાઓ ખાલી રહેવાના કારણે |
| ૩ | ભરૂચ | સ.હો.જંબુસર | ઓર્થોપેડીક વિભાગ, ફિજીશિયન વિભાગ, ઓપ્થેલ્મિક વિભાગ | તા.૦૭–૦૫–૨૨,<br>તા.૦૮–૦૬–૨૩,<br>તા.૦૧–૦૪–૨૦ | તજજ્ઞોની જગ્યાઓ ખાલી રહેવાના કારણે |
| ૪ | અમદાવાદ | સ.હો.વિરમગામ | ઓર્થોપેડીક વિભાગ | તા.૨૨–૦૮–૨૨ | ઓર્થોપેડીક જગ્યા ખાલી રહેવાના કારણે |
| ૫ | અમરેલી | સ.હો.લાઠી | ઓર્થોપેડીક વિભાગ, બાળરોગ વિભાગ | તા.૧૯–૧૦–૨૦,<br>તા.૧૦–૦૪–૯૫ | તજજ્ઞોની જગ્યાઓ ખાલી રહેવાના કારણે |
| ૬ | અમરેલી | સ.હો.સાવરકુંડલા | સર્જીકલ ઓ.ટી. વિભાગ, જનરલ મેડીસીન વિભાગ, આઇ.સી.યુ. વિભાગ | તા.૩૦–૦૯–૧૯ | તજજ્ઞોની જગ્યાઓ ખાલી રહેવાના કારણે |

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | કયા વિભાગોમાં સારવાર આપવાનું બંધ છે ? | ક્યારથી બંધ છે ? | કયા કારણોસર બંધ છે ? |
|---|---|---|---|---|---|
| ૭ | ડાંગ | જ.હો.આહવા | ઇ.એન.ટી. વિભાગ, જનરલ મેડીસીન વિભાગ, આઈ.સી.યુ. વિભાગ | તા.૧૯–૦૨–૨૦, તા.૨૧–૦૩–૨૨, તા.૨૩–૦૮–૨૧ | તજજ્ઞોની જગ્યાઓ ખાલી રહેવાના કારણે |
| ૮ | નવસારી | સ.હો.બિલીમોરા | સર્જરી વિભાગ | તા.૨૯–૦૪–૨૨ | તજજ્ઞોની જગ્યાઓ ખાલી રહેવાના કારણે |
| ૯ | વલસાડ | સ.હો.વાપી | ફિજીયોથેરાપી વિભાગ, ફિજીશિયન વિભાગ, બાળરોગ વિભાગ, ઓર્થોપેડીક વિભાગ, ઇ.એન.ટી. વિભાગ | તા.૨૧–૧૦–૧૭, તા.૧૧–૧૦–૨૩, તા.૨૬–૧૦–૧૬, તા.૨૯–૦૪–૨૩, તા.૨૯–૦૪–૨૩ | તજજ્ઞો અને ફિજીયોથેરાપીસ્ટની જગ્યાઓ ખાલી રહેવાના કારણે |

--------

**રાજ્યમાં સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ ક્વાટર્સ**

અતારાંકિતઃ ૧૬૨૨ (૨૮–૧૨–૨૦૨૩) **શ્રી જિજ્ઞેશભાઈ મેવાણી** (વડગામ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ ક્વાટર્સ ઉપલબ્ધ છે,

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ ક્વાટર્સ ઉપલબ્ધ નથી,

(૪) જે સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ ક્વાટર્સ ઉપલબ્ધ ન હોય ત્યાં ક્યાં સુધીમાં સ્ટાફ ક્વાટર્સ બનાવવાનું આયોજન છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૫–૦૨–૨૦૨૪)

(૧) તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા દર્શાવતું પત્રક–૧ આ સાથે સામેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ રાજયમાં જિલ્લાવાર સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ઉપલબ્ધ સ્ટાફ કવાટર્સની સંખ્યા દર્શાવતું પત્રક–૨ આ સાથે સામેલ છે.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ રાજયમાં જિલ્લાવાર સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ કવાટર્સ ઉપલબ્ધ નથી તેની સંખ્યા દર્શાવતું પત્રક–૩ આ સાથે સામેલ છે.

(૪) આગામી વર્ષોમાં નાણાકીય જોગવાઇ થયેથી વિચારણા કરી શકાશે.

**પત્રક–૧**

**તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લો | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮ | ૪૧ |
| ૨ | અમરેલી | ૧૩ | ૪૩ |
| ૩ | અરવલ્લી | ૧૧ | ૩૭ |
| ૪ | આણંદ | ૧૪ | ૫૪ |
| ૫ | કચ્છ | ૧૬ | ૬૯ |
| ૬ | ખેડા | ૧૪ | ૫૪ |
| ૭ | ગાંધીનગર | ૯ | ૩૧ |
| ૮ | ગીર સોમનાથ | ૬ | ૨૯ |

| ક્રમ | જિલ્લો | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| ૯ | છોટાઉદેપુર | ૧૨ | ૫૦ |
| ૧૦ | જામનગર | ૯ | ૩૪ |
| ૧૧ | જૂનાગઢ | ૯ | ૩૮ |
| ૧૨ | ડાંગ | ૩ | ૧૦ |
| ૧૩ | તાપી | ૭ | ૩૮ |
| ૧૪ | દાહોદ | ૨૧ | ૯૭ |
| ૧૫ | દેવભૂમિ દ્વારકા | ૪ | ૨૩ |
| ૧૬ | નર્મદા | ૩ | ૨૭ |
| ૧૭ | નવસારી | ૧૧ | ૪૫ |
| ૧૮ | પંચમહાલ | ૧૨ | ૫૧ |
| ૧૯ | પાટણ | ૧૭ | ૫૪ |
| ૨૦ | પોરબંદર | ૪ | ૧૨ |
| ૨૧ | બનાસકાંઠા | ૨૮ | ૧૨૨ |
| ૨૨ | બોટાદ | ૬ | ૧૮ |
| ૨૩ | ભરૂચ | ૯ | ૪૧ |
| ૨૪ | ભાવનગર | ૧૩ | ૪૮ |
| ૨૫ | મહિસાગર | ૯ | ૩૫ |
| ૨૬ | મહેસાણા | ૧૯ | ૬૩ |
| ૨૭ | મોરબી | ૬ | ૩૦ |
| ૨૮ | રાજકોટ | ૧૨ | ૫૫ |
| ૨૯ | વડોદરા | ૧૧ | ૪૨ |
| ૩૦ | વલસાડ | ૧૧ | ૫૨ |
| ૩૧ | સાબરકાંઠા | ૧૩ | ૪૯ |
| ૩૨ | સુરત | ૧૩ | ૫૭ |
| ૩૩ | સુરેન્દ્રનગર | ૧૨ | ૫૦ |
| | **કુલ** | **૩૬૫** | **૧૪૯૯** |

**પત્રક–૨**

**તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ કવાટર્સ ઉપલબ્ધ છે તેની સંખ્યા દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લો | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪ | ૧૨ |
| ૨ | અમરેલી | ૧૦ | ૦ |
| ૩ | અરવલ્લી | ૮ | ૧૦ |
| ૪ | આણંદ | ૧૦ | ૨૧ |
| ૫ | કચ્છ | ૯ | ૪૧ |
| ૬ | ખેડા | ૯ | ૨૦ |
| ૭ | ગાંધીનગર | ૪ | ૧૪ |
| ૮ | ગીર સોમનાથ | ૩ | ૨૦ |
| ૯ | છોટાઉદેપુર | ૭ | ૨૧ |
| ૧૦ | જામનગર | ૮ | ૧૧ |

| ક્રમ | જિલ્લો | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| ૧૧ | જૂનાગઢ | ૭ | ૧૪ |
| ૧૨ | ડાંગ | ૩ | ૧ |
| ૧૩ | તાપી | ૫ | ૧૯ |
| ૧૪ | દાહોદ | ૧૩ | ૧૬ |
| ૧૫ | દેવભૂમિ દ્વારકા | ૪ | ૨૧ |
| ૧૬ | નર્મદા | ૨ | ૬ |
| ૧૭ | નવસારી | ૯ | ૧૪ |
| ૧૮ | પંચમહાલ | ૭ | ૧૨ |
| ૧૯ | પાટણ | ૧૪ | ૧૦ |
| ૨૦ | પોરબંદર | ૩ | ૦ |
| ૨૧ | બનાસકાંઠા | ૧૬ | ૧૭ |
| ૨૨ | બોટાદ | ૪ | ૫ |
| ૨૩ | ભરૂચ | ૬ | ૯ |
| ૨૪ | ભાવનગર | ૧૦ | ૫ |
| ૨૫ | મહિસાગર | ૪ | ૧૫ |
| ૨૬ | મહેસાણા | ૧૧ | ૬ |
| ૨૭ | મોરબી | ૨ | ૪ |
| ૨૮ | રાજકોટ | ૧૦ | ૧૨ |
| ૨૯ | વડોદરા | ૬ | ૨૧ |
| ૩૦ | વલસાડ | ૧૦ | ૭ |
| ૩૧ | સાબરકાંઠા | ૯ | ૧૨ |
| ૩૨ | સુરત | ૧૨ | ૨૪ |
| ૩૩ | સુરેન્દ્રનગર | ૬ | ૯ |
| | **કુલ** | **૨૪૫** | **૪૨૯** |

**પત્રક–૩**

**તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ કવાટર્સ ઉપલબ્ધ નથી તેની સંખ્યા દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લો | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪ | ૨૯ |
| ૨ | અમરેલી | ૩ | ૪૩ |
| ૩ | અરવલ્લી | ૩ | ૨૭ |
| ૪ | આણંદ | ૪ | ૩૩ |
| ૫ | કચ્છ | ૭ | ૨૮ |
| ૬ | ખેડા | ૫ | ૩૪ |
| ૭ | ગાંધીનગર | ૫ | ૧૭ |
| ૮ | ગીર સોમનાથ | ૩ | ૯ |
| ૯ | છોટાઉદેપુર | ૫ | ૨૯ |
| ૧૦ | જામનગર | ૧ | ૨૩ |
| ૧૧ | જૂનાગઢ | ૨ | ૨૪ |

| ક્રમ | જિલ્લો | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| ૧૨ | ડાંગ | ૦ | ૯ |
| ૧૩ | તાપી | ૨ | ૧૯ |
| ૧૪ | દાહોદ | ૮ | ૮૧ |
| ૧૫ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૨ |
| ૧૬ | નર્મદા | ૧ | ૨૧ |
| ૧૭ | નવસારી | ૨ | ૩૧ |
| ૧૮ | પંચમહાલ | ૫ | ૩૯ |
| ૧૯ | પાટણ | ૩ | ૪૪ |
| ૨૦ | પોરબંદર | ૧ | ૧૨ |
| ૨૧ | બનાસકાંઠા | ૧૨ | ૧૦૫ |
| ૨૨ | બોટાદ | ૨ | ૧૩ |
| ૨૩ | ભરૂચ | ૩ | ૩૨ |
| ૨૪ | ભાવનગર | ૩ | ૪૩ |
| ૨૫ | મહિસાગર | ૫ | ૨૦ |
| ૨૬ | મહેસાણા | ૮ | ૫૭ |
| ૨૭ | મોરબી | ૪ | ૨૬ |
| ૨૮ | રાજકોટ | ૨ | ૪૩ |
| ૨૯ | વડોદરા | ૫ | ૨૧ |
| ૩૦ | વલસાડ | ૧ | ૪૫ |
| ૩૧ | સાબરકાંઠા | ૪ | ૩૭ |
| ૩૨ | સુરત | ૧ | ૩૩ |
| ૩૩ | સુરેન્દ્રનગર | ૬ | ૪૧ |
| | **કુલ** | **૧૨૦** | **૧૦૭૦** |

--------

**જનરલ હોસ્પિટલોનો વહીવટ ખાનગી સંસ્થાને આપવા બાબતે**

અતારાંકિતઃ ૧૬૬૯ (૦૨–૦૧–૨૦૨૪) **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૦–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યમાં આવેલ કઈ કઈ જનરલ હોસ્પિટલોનો વહીવટ કઈ કઈ ખાનગી સંસ્થાને સોંપી દેવામાં આવેલ છે,

(૨) જનરલ હોસ્પિટલોનો વહીવટ ખાનગી સંસ્થાને સોંપી દેવા માટે સરકારે શા ધોરણો ક્યારે પ્રસિદ્ધ કર્યા છે, અને

(૩) ધોરણો જાહેર કરવામાં આવેલ ન હોવા છતાં ખાનગી સંસ્થાને જનરલ હોસ્પિટલોનો વહીવટ સોંપવામાં આવ્યો હોય તો તેના શા કારણો છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૦–૦૨–૨૦૨૪)

(૧) તા.૩૦–૧૦–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં જનરલ હોસ્પિટલ ભરૂચનો હવાલો રુદ્રાક્ષ એકેડમી પ્રાઈવેટ લિમિટેડ વડોદરાને સોંપવામાં આવેલ છે.

(૨) જનરલ હોસ્પિટલોનો વહીવટ ખાનગી સંસ્થાને સોંપવા અંગે સરકારશ્રીના એમસીજી–૧૦૧૬–એસએફએસ–૧૫૧–જ તા.૧૩–૧૨–૨૦૧૬ના ઠરાવથી રાજ્યમાં સરકારી હોસ્પિટલ ખાતે સ્વનિર્ભર મેડિકલ કોલેજોની સ્થાપના બાબતે ધારાધોરણો પ્રસિદ્ધ કરેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ**

અતારાંકિતઃ ૨૯૭ (૨૩–૦૫–૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ છેલ્લા ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭–૦૨–૨૦૨૪)

(૧) સામેલ પત્રક–અ મુજબ

(૨) સામેલ પત્રક–અ મુજબ

(૩) જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આથી ખાલી જગ્યાઓ પૈકી રેશિયો મુજબ સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા અનુસરીને ભરવામાં આવતી હોય છે. આથી આ અંગેનો કોઈ નિશ્ચિત સમય નિયત કરી શકાય નહિ.

**પત્રક–અ**

| ક્રમ | સંવર્ગ (મહિલા સહિત) | મંજૂર મહેકમ | છેલ્લા ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાની વિગત |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | પોલીસ અધીક્ષક | ૨૦૮ | ૦૯ |
| ૨ | નાયબ પોલીસ અધીક્ષક | ૪૩૪ | ૦૨ |
| ૩ | પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૬૯૫ | ૯૮ |
| ૪ | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૩૮૫૦ | ૧૨૫ |
| ૫ | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૧૧૦૬ | ૩૦ |
| ૬ | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૭૯૦૭ | ૨૯૮ |
| ૭ | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૨૫૫૮ | ૨૮ |
| ૮ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૩૯૨૯ | ૨ |
| ૯ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૪૫૭૩ | ૫૫ |
| ૧૦ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૩૮૯૫૮ | ૨૬૯૭ |
| ૧૧ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૨૩૦૫૫ | ૧૦૬૯ |

--------

**રાજ્યમાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ**

અતારાંકિતઃ ૩૧૮ (૨૩–૦૫–૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર, સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ છેલ્લા ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭–૦૨–૨૦૨૪)

(૧) સામેલ *પત્રક–અ મુજબ

(૨) સામેલ *પત્રક–બ મુજબ

(૩) જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આથી ખાલી જગ્યાઓ પૈકી રેશિયો મુજબ સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા અનુસરીને ભરવામાં આવતી હોય છે. આથી આ અંગેનો કોઈ નિશ્ચિત સમય નિયત કરી શકાય નહિ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**રાજ્યમાં દેશી, વિદેશી દારૂ અને કેફી પદાર્થો પકડવા બાબત**

અતારાંકિતઃ ૩૧૯ (૨૩–૦૫–૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ગેરકાયદેસર દેશી, વિદેશી દારૂ અને કેફી પદાર્થો અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે પૈકી દેશી, વિદેશી દારૂ અને કેફી પદાર્થોની કેટલી રકમનો કેટલો જથ્થો ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર પકડવામાં આવ્યો,

(૩) તે અન્વયે જિલ્લાવાર, વર્ષવાર કેટલા ઇસમોની ધરપકડ કરી,

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, વર્ષવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૫) જે પોલીસ સ્ટેશનના તાબા હેઠળ દેશી, વિદેશી દારૂ પકડાયો હોય તેવા કેટલા જવાબદારો સામે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર શું કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦–૦૨–૨૦૨૪)

(૧) *પત્રક–૧ મુજબ.

(૨) *પત્રક–૨ (અ) અને (બ) મુજબ.

(૩) *પત્રક–૩ મુજબ.

(૪) *પત્રક–૪ મુજબ.

(૫) *પત્રક–૫ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**વાહનચાલકો પાસેથી ઈ–મેમો પેટે વસુલવાની બાકી રકમ**

અતારાંકિતઃ ૪૭૧ (૦૯–૦૬–૨૦૨૩) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં આપવામાં આવેલ ઈ–મેમો પેટે કેટલા વાહનચાલકો પાસેથી કેટલી રકમ બાકી છે,

(૨) બાકી રકમ પૈકી કેટલા વાહન ચાલકો પાસેથી બે વર્ષ કરતાં વધુ સમયથી વસુલવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી રકમ વસુલવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩–૦૨–૨૦૨૪)

(૧)

| છેલ્લા ત્રણ વર્ષમાં (તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ) | | |
|---|---|---|
| વિગત | વાહન ચાલકોદીઠ ઈ–મેમોની સંખ્યા | વાહનચાલકો પાસેથી વસુલવાની બાકી રકમ (રૂ.) |
| **કુલ** | **૬૧૮૪૯૩૪** | **૪૧૫૩૦૬૨૬૫૦/–** |

(૨)

| વિગત | વાહન ચાલકોની સંખ્યા | બે વર્ષ કરતાં વધુ સમયથી વસુલવાની બાકી રકમ (રૂ.) |
|---|---|---|
| **કુલ** | **૧૯૧૨૪૦૧** | **૧૩૪૯૦૪૬૬૦૦/–** |

(૩)

- ઈ–ચલણ પેટે દંડની બાકી રકમ વસુલવા બાબતે સરકાર તરફથી ડીજીટલ પેમેન્ટના વિવિધ માધ્યમો જેવા કે PayTM, Google Pay, UPI, BHIM એપ, ડેબિટ કાર્ડ, બારકોડ/QR કોડ, નેટ બેકિંગ વગેરે
- શહેર/જિલ્લાના વાહન ચાલકના નજીકના પોલીસ સ્ટેશન ખાતે પણ ભરપાઈ કરવાની સુવિધા
- નજીકની બેન્ક મારફતે પણ રકમ ભરપાઈ કરાવવા અંગેની સુવિધા ઉપલબ્ધ કરાવીને બાકી રકમ વસુલવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**અમદાવાદમાં સટ્ટાકાંડ અને ડબ્બાકાંડ મામલે સીટની રચના**

અતારાંકિતઃ ૮૦૨ (૧૦–૦૮–૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદના માધવપુરામાં ઝડપાયેલ ઓનલાઈન સટ્ટાકાંડ અને ડબ્બાકાંડ મામલે નાણા હેરાફેરીની તપાસ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ની રચના કયારે કરવામાં આવી,

(૨) ઉક્ત સીટની રચના કર્યા પછી તપાસ સીટ પાસેથી લઈ સ્ટેટ મોનીટરીંગ સેલને કયારે કયા કારણોસર સોંપવામાં આવી, અને

(૩) ઉક્ત સીટ કે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા સરકારને અહેવાલ ક્યારે મળેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦–૦૨–૨૦૨૪)

(૧) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર દ્વારા તા.૨૭/૦૩/૨૦૨૩ના પત્રથી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ની રચના કરવામાં આવેલ.

(૨) નોંધાયેલ ગુનો Online Cricket betting સંબંધિત હોઈ અને ગુનાનો વ્યાપ ગુજરાત રાજ્ય તથા રાજ્ય બહાર હોવાનું પ્રથમ દ્દષ્ટીએ જણાયેલ હોવાથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે તા.૨૯/૦૪/૨૦૨૩ના પત્રથી આ ગુનાની તપાસ સીટ પાસેથી લઈ સ્ટેટ મોનીટરીંગ સેલ, ગાંધીનગરને સોંપેલ.

(૩) તા.૦૧/૦૨/૨૦૨૪ ના રોજ પ્રગતિ અહેવાલ સુપ્રત કરેલ છે.

--------

**રાજ્યમાં દારુ–જુગાર પકડાયા બાદ તે વિસ્તારના પોલીસ અધિકારીઓ સામે કાર્યવાહી**

અતારાંકિતઃ ૮૬૨ (૧૦–૦૮–૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જે તે પોલીસ સ્ટેશનોના વિસ્તારમાં દારૂ–જુગાર પકડાયા બાદ બેદરકારી બદલ કેટલા પોલીસ અધિકારીઓ અને કેટલા કર્મચારીઓ સામે શા પગલાં ભરવામાં આવ્યા,

(૨) કેટલા પોલીસ સ્ટેશનના અધિકારીઓ સામે પગલાં ભરવામાં આવ્યા, અને

(૩) કેટલા પોલીસ સ્ટેશનના અધિકારીઓ સામે પગલાં ભરવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭–૦૨–૨૦૨૪)

(૧) ૬૫૨૯ પોલીસ અધિકારીઓ અને ૨૩૫૫૫ પોલીસ કર્મચારીઓ સામે રોકડ દંડ, ઈજાફો અટકાવવો, ઠપકો, ખાતાકીય / પ્રાથમિક તપાસ, ફરજ મોકૂફી, આંતર જિલ્લા બદલી તેમજ અન્ય પગલાં લેવામાં આવ્યા.

(૨) ૫૭૦ પોલીસ સ્ટેશનના અધિકારીઓ / કર્મચારીઓ સામે પગલાં ભરવામાં આવ્યા.

(૩) ૫૩ પોલીસ સ્ટેશનના અધિકારીઓ / કર્મચારીઓ સામે પગલાં ભરવાના બાકી છે.

--------

**રાજ્યમાં જિલ્લાવાર મંદિરોમાં ચોરી–લૂંટ–ધાડની ઘટનાઓ**

અતારાંકિતઃ ૧૧૭૬ (૧૬–૧૦–૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલા મંદિરોમાં ચોરી–લૂંટ–ધાડની ઘટનાઓ બની,

(૨) ઉક્ત ઘટનાઓમાં ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી રકમના માલમત્તાની ચોરી થઇ,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી રકમનો મુદ્દામાલ પરત કરવામાં આવ્યો, અને

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી રકમનો મુદ્દામાલ શોધવાનો બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦–૦૨–૨૦૨૪)

(૧) *પત્રક–૧ મુજબ.

(૨) *પત્રક–૨ મુજબ.

(૩) *પત્રક–૩ મુજબ.

(૪) *પત્રક–૪ મુજબ.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

––––––––

**સાણંદ તાલુકામાં બંગલામાં ચાલતી જુગાર ક્લબ**

અતારાંકિતઃ ૧૩૮૨ (૩૦–૧૧–૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં આવેલ કલ્હાર ગોલ્ફ ક્લબના બંગલામાં ચાલતી જુગાર ક્લબ અંગેની કેટલી પોલીસ ફરીયાદ નોંધાઇ,

(૨) તેમાં સંડોવાયેલા કયા આરોપીઓને પકડવામાં આવ્યા અને કયા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી આરોપીઓને પકડવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૬–૦૨–૨૦૨૪)

(૧) ૦૧ (એક).

(૨) સંડોવાયેલ તમામ ૦૬ આરોપીઓને પકડવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

––––––––

**વડોદરા જિલ્લામાંથી કોર્ટમાં રજૂ કરતી વખતે ફરાર થયેલ આરોપીઓ**

અતારાંકિતઃ ૧૫૫૫ (૧૮–૧૨–૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫/૧૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક માસમાં કોર્ટમાં રજૂ કરતી વખતે વડોદરા શહેર અને જિલ્લામાંથી કયા આરોપીઓ ફરાર થઈ ગયા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કયા આરોપીઓને શોધવામાં આવ્યા અને કયા આરોપીઓને શોધવાના બાકી છે, અને

(૩) આરોપીઓને કોર્ટમાં રજૂ કરતી વખતે જાપ્તામાંથી ફરાર થવા બદલ જવાબદાર પોલીસ અધિકારીઓ સામે શા પગલાં લીધાં ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૯–૦૨–૨૦૨૪)

(૧)

| **શહેર/જિલ્લો** | **કોર્ટમાં રજૂ કરતી વખતે ફરાર થયેલ આરોપી** |
|---|---|
| વડોદરા શહેર | વિરાજ ઉર્ફે યશ અશ્વિનભાઇ અમીન ઉર્ફે પટેલ |
| વડોદરા ગ્રામ્ય | ૦૦ |

(૨)

| શહેર/જિલ્લો | શોધવામાં આવેલ આરોપી | શોધવાના બાકી આરોપી |
|---|---|---|
| વડોદરા શહેર | વિરાજ ઉર્ફે યશ અશ્વિનભાઇ અમીન ઉર્ફે પટેલ | ૦૦ |
| વડોદરા ગ્રામ્ય | ૦૦ | ૦૦ |

(૩) જવાબદાર પોલીસ કર્મચારી સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં ટ્રાફિક બ્રિગેડના માનદ સભ્યો/જવાનોને છૂટા કરવા બાબત**

અતારાંકિતઃ ૧૫૭૧ (૧૮-૧૨-૨૦૨૩) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૧૧/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ટ્રાફિક નિયમનની વ્યવસ્થા માટે ટ્રાફિક પોલીસની મદદમાં ટ્રાફિક બ્રિગેડના માનદ સભ્યો/જવાનોને પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી હેડ ઓફ પોલીસ ફોર્સ, ગાંધીનગર દ્વારા તા.૧૮/૧૧/૨૦૨૩ના આદેશથી તબક્કાવાર છૂટા કરવાના આદેશ થયા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત તબક્કાવાર ક્યારથી ટ્રાફિક બ્રિગેડના કેટલા સભ્યો/જવાનોને છૂટા કરવાના છે, અને

(૩) ઉક્ત ટ્રાફિક બ્રિગેડના સભ્યો/જવાનોને છૂટા કરવાના કારણો શા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩-૦૨-૨૦૨૪)

(૧) હા.

(૨) અને (૩) તા.૨૩/૧૧/૨૦૨૩ના હુકમથી ઉક્ત આદેશની અમલવારી મોકૂફ રખાયેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદ અને સુરત શહેર/જિલ્લાવાર જાહેર રસ્તાઓ પર સ્ટંટ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી**

અતારાંકિતઃ ૧૫૮૫ (૧૮-૧૨-૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૧૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સુરત શહેર/જિલ્લાવાર જાહેર રસ્તાઓ પર સ્ટંટ કરી સોશ્યલ મીડિયામાં વાયરલ કરેલ કેટલા વાહન માલિકો સામે ગુના નોંધાયા,

(૨) ઉક્ત ગુનામાં સંડોવાયેલા કેટલા આરોપીઓને ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર પકડવામાં આવ્યા અને કેટલાને પકડવાના બાકી છે, અને

(૩) ઉકત બાકી આરોપીઓને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭-૦૨-૨૦૨૪)

(૧) પત્રક મુજબ.

**પત્રક**

| સમયગાળો | જાહેર રસ્તાઓ પર સ્ટંટ કરી સોશ્યલ મીડિયામાં વાયરલ કરેલ વાહન માલિકો સામે નોંધાયેલ ગુના | |
|---|---|---|
| | અમદાવાદ શહેર | સુરત શહેર |
| તા.૦૧-૧૨-૨૦૨૦ થી તા.૩૦-૧૧-૨૦૨૧ | ૦ | ૦ |
| તા.૦૧-૧૨-૨૦૨૧ થી તા.૩૦-૧૧-૨૦૨૨ | ૫ | ૧ |
| તા.૦૧-૧૨-૨૦૨૨ થી તા.૩૦-૧૧-૨૦૨૩ | ૯ | ૧૪ |
| અમદાવાદ ગ્રામ્ય તથા સુરત ગ્રામ્ય ની માહિતી 'શૂન્ય' છે. | | |

(૨)

| સમયગાળો | અમદાવાદ શહેર | | સુરત શહેર | |
|---|---|---|---|---|
| | પકડાયેલ આરોપીઓ | પકડવાના બાકી આરોપીઓ | પકડાયેલ આરોપીઓ | પકડવાના બાકી આરોપીઓ |
| તા.૦૧–૧૨–૨૦૨૦ થી તા.૩૦–૧૧–૨૦૨૩ | ૩૦ | ૦૦ | ૪૧ | ૦૦ |

(૩) તમામ આરોપીઓને પકડવામાં આવેલ હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં વર્લ્ડ કપ ક્રિકેટની ફાઈનલ મેચની ટીકીટની કાળાબજારી વિરુદ્ધ પગલાં**

અતારાંકિતઃ ૧૫૮૬ (૧૮–૧૨–૨૦૨૩) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શેહરમાં મોટેરા ખાતે રમાયેલ વર્લ્ડ કપ ક્રિકેટ ફાઈનલ મેચની ટીકીટ ગેરકાયદેસર રીતે ઉંચા ભાવે વેચાણ કરતાં કેટલા ઈસમોને અમદાવાદ શહેર અને જિલ્લામાંથી પકડવામાં આવ્યા,

(૨) ઉક્ત ઈસમોને કેટલા દરની કેટલી ટીકીટ કેટલા ઉંચા ભાવે વેચાણ કરી હોવાનું સામે આવ્યું, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઈસમો વિરુદ્ધ શાં પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦–૦૨–૨૦૨૪)

(૧)

| શહેર/જિલ્લો | પકડાયેલ ઈસમો |
|---|---|
| અમદાવાદ શહેર | ૦૧ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૦ |

(૨)

| શહેર/જિલ્લો | ટીકીટનો દર | ટીકીટની સંખ્યા | ઉંચા ભાવે વેચાણ કરેલ રકમ |
|---|---|---|---|
| અમદાવાદ શહેર | રૂ.૬૦૦૦/– | ૦૪ | ૦૦<br>ઉંચા ભાવે વેચાણ કરે તે પહેલા આરોપીઓ પકડાઈ ગયેલ છે. |
| | રૂ.૩૫૦૦/– | ૦૨ | |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૦ | ૦૦ | ૦૦ |

(૩) ગુનો દાખલ કરી, કાયદેસરની કાર્યવાહી કરી છે.

--------

**મહીસાગર જિલ્લામાં પોલીસ સ્ટેશન મથકના લોકઅપમાંથી ચોરી**

અતારાંકિતઃ ૧૬૧૦ (૧૮–૧૨–૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૧૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર પોલીસ સ્ટેશન મથકના લોકઅપમાં મુકેલ કેટલી દારૂની બોટલો અને અન્ય કયા મુદ્દામાલની ચોરી થયેલ છે,

(૨) ઉકત ચોરીમાં કેટલા પોલીસ કર્મચારીઓ/અધિકારીઓ સંડોવાયેલા હોવાનું સામે આવ્યું, અને

(૩) તે અન્વયે ઉકત સ્થિતિએ કયા પોલીસ મથકના કેટલા અધિકારીઓ/કર્મચારીઓ સામે શાં પગલાં લીધાં ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૯–૦૨–૨૦૨૪)

(૧) ઉક્ત સ્થિતીએ મહિસાગર જિલ્લામાં ખાનપુર તાલુકાના બાકોર પોલીસ સ્ટેશન મથક ખાતેથી ૧૨૫ દારૂની બોટલો તેમજ ૧૫ ઇલેક્ટ્રીક પંખાની ચોરી થયેલ છે. તે સિવાય મહિસાગર જિલ્લાના એકપણ તાલુકામાં આવા કોઇ બનાવ બનેલ નથી.

(૨) ૦૫ પોલીસ અધિકારીઓ/ કર્મચારીઓ સંડોવાયેલ હોવાનું સામે આવેલ છે.

(૩) ૦૫ પોલીસ અધિકારીઓ/ કર્મચારીઓ વિરૂધ્ધ બાકોર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**અમદાવાદ શહેરમાં સસ્તો કે નકલી દારૂ વેચવાના કૌભાંડ**

અતારાંકિતઃ ૧૬૪૫ (૦૧-૦૧-૨૦૨૪) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાંથી મોંઘા દારૂની બોટલમાં સસ્તો કે નકલી દારૂ ભરી વેચવાનું કૌભાંડ ક્યારે પકડાયું,

(૨) ઉક્ત ઘટનામાં સંડોવાયેલા કેટલા ઈસમો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) નકલી દારૂનું વેચાણ અટકાવવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦-૦૨-૨૦૨૪)

(૧) તા.૨૩/૦૬/૨૦૨૨, તા.૦૫/૦૮/૨૦૨૨ અને તા.૦૩/૧૨/૨૦૨૩ ના રોજ.

(૨) સંડોવાયેલા ૧૧ ઈસમો સામે ગુનો દાખલ કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) અમદાવાદ શહેરના તમામ પો.સ્ટે. વિસ્તારોમાં પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ અગાઉ પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ ઈસમો ઉપર તમામ સ્તરેથી ખાનગી રાહે તપાસ કરી ગુનાહિત પ્રવૃત્તિ કરતા જણાઈ આવ્યેથી તેમજ સમયાંતરે પ્રોહીબીશનની ડ્રાઈવનું આયોજન કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

--------

**રાજ્યમાં જિલ્લાવાર વૃધ્ધ મા-બાપને ઘરમાંથી કાઢી મૂકવાની ઘટનાઓ બાબત**

અતારાંકિતઃ ૧૬૭૪ (૦૧-૦૧-૨૦૨૪) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૧૦/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર વૃધ્ધ મા-બાપને ઘરમાંથી કાઢી મૂકવાની કેટલી ઘટનાઓ બની,

(૨) તેના અનુસંધાને કેટલા પુત્રો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) કેટલા વૃધ્ધ મા-બાપને તેના ઘરમાં પાછા મોકલવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૦-૦૨-૨૦૨૪)

(૧)

| અ.નં. | શહેર/જિલ્લા | તા.૦૧-૧૧-૨૦૨૦ થી તા.૩૦-૧૦-૨૦૨૧ | તા.૦૧-૧૧-૨૦૨૧ થી તા.૩૦-૧૦-૨૦૨૨ | તા.૦૧-૧૧-૨૦૨૨ થી તા.૩૦-૧૦-૨૦૨૩ |
|---|---|---|---|---|
| ૧ | સુરત શહેર | ૦ | ૦ | ૧ |
| ૨ | જૂનાગઢ | ૦ | ૦ | ૧ |
| ૩ | વડોદરા ગ્રામ્ય | ૦ | ૧ | ૦ |
| ઉક્ત સિવાયના શહેર/જિલ્લાની માહિતી શૂન્ય છે. | | | | |

(૨)

- ૧ પુત્ર સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.
- ૨ પુત્રો સામે ગુનો દાખલ કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ છે.
- ૧ પુત્ર સામે ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૩) ૦૩

--------

**ગૌચર જમીનો પરથી દબાણ દૂર કરવા બાબત**

અતારાંકિતઃ ૨૬૦ (૧૫–૦૫–૨૦૨૩) **ડૉ. તુષારભાઈ ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા ગામોમાં ગૌચરની જમીનો પર પાકા મકાનો–પાકા બાંધકામો ઉભા કરી દેવાયા છે, અને

(૨) તમામ પાકા મકાનો–પાકા બાંધકામ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

**મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) **:** (૧૯–૦૨–૨૦૨૪)

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કુલ ૨૧૯ ગામોમાં ગૌચરની જમીનો પર પાકા મકાનો–પાકા બાંધકામો ઉભા કરી દેવાયા છે. (જિલ્લાવાર પત્રક સામેલ છે)

(૨) અમુક કિસ્સામાં સબજ્યુડીશ મેટર હોઇ, નામ.કોર્ટના ચૂકાદા બાદ, અમુક કિસ્સામાં દબાણ હેતુફેર/રેગ્યુલરાઇઝ કરવા સંબંધે કલેક્ટરશ્રી સમક્ષ કરવામાં આવેલ દરખાસ્ત પરત્વેની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તથા અમુક કિસ્સાઓમાં ડી.આઇ.એલ.આર. કચેરી મારફતે ગૌચર જમીન માપણી થયા બાદ આનુષાંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી દબાણ દૂર કરવામાં આવશે.

**પત્રક**

**રાજ્યમાં ગૌચરની જમીનો પર પાકા મકાનો – પાકા બાંધકામો ઉભા કરવા બાબત.**

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લાવાર ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૯ |
| ૨ | અમરેલી | ૧૧ |
| ૩ | આણંદ | ૫ |
| ૪ | અરવલ્લી | ૩ |
| ૫ | બનાસકાંઠા | ૫ |
| ૬ | ભરૂચ | ૩ |
| ૭ | ભાવનગર | ૬ |
| ૮ | બોટાદ | ૨ |
| ૯ | છોટાઉદેપુર | ૧ |
| ૧૦ | ડાંગ | ૦ |
| ૧૧ | દાહોદ | ૪ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૨ |
| ૧૩ | ગાંધીનગર | ૧૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૬ |
| ૧૫ | જામનગર | ૨ |
| ૧૬ | જૂનાગઢ | ૬ |
| ૧૭ | ખેડા | ૨ |
| ૧૮ | કચ્છ | ૪ |
| ૧૯ | મહિસાગર | ૨ |
| ૨૦ | મહેસાણા | ૯૧ |
| ૨૧ | મોરબી | ૧ |
| ૨૨ | નર્મદા | ૩ |
| ૨૩ | નવસારી | ૦ |
| ૨૪ | પંચમહાલ | ૨ |
| ૨૫ | પાટણ | ૪ |
| ૨૬ | પોરબંદર | ૮ |
| ૨૭ | રાજકોટ | ૮ |

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લાવાર ગામોની સંખ્યા |
|---|---|---|
| ૨૮ | સુરેન્દ્રનગર | ૧ |
| ૨૯ | સાબરકાંઠા | ૩ |
| ૩૦ | સુરત | ૫ |
| ૩૧ | તાપી | ૩ |
| ૩૨ | વડોદરા | ૧ |
| ૩૩ | વલસાડ | ૬ |
| | **કુલ** | **૨૧૯** |

--------

**દાહોદ, પંચમહાલ અને નવસારી જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાકીય ગેરરીતિ**

અતારાંકિતઃ ૧૦૯૮ (૨૩–૧૦–૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૭–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ, પંચમહાલ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર મનરેગા યોજનામાં મૃતક વ્યક્તિઓના નામે જોબકાર્ડ બનાવી નાણાકીય ગેરરીતિ થઈ હોવા બાબતની કેટલી ફરીયાદો રાજ્ય સરકારને મળી,

(૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે ક્યારે અને કઈ કક્ષાએ તપાસ સોંપવામાં આવી,

(૩) ઉક્ત તપાસ દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શાં પગલાં લીધા ?

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (૧૬–૦૨–૨૦૨૪)

(૧) તા.૩૧–૦૭–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ, પંચમહાલ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર મનરેગા યોજનામાં મૃતક વ્યક્તિઓના નામે જોબકાર્ડ બનાવી નાણાકીય ગેરરીતિ થઈ હોવા બાબતની નીચેની વિગતે ફરીયાદો રાજ્ય સરકારને મળી,

| ક્રમ | જિલ્લાનું નામ | મળેલ ફરીયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨ |
| ૨ | પંચમહાલ | ૦ |
| ૩ | નવસારી | ૦ |

(૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે પત્રક–અ ના કોલમ નં–૩ મુજબ તપાસ સોંપવામાં આવી.

(૩) ઉક્ત તપાસમાં દરમ્યાન પત્રક–અ ના કોલમ નં–૪ મુજબ ગેરરીતિ સામે આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ આ સાથે સામેલ પત્રક–અ ના કોલમ નં–૫ મુજબ જવાબદારો સામે પગલાં લીધાં.

**પત્રક–અ**

**જિલ્લો – દાહોદ**

| ક્રમ | ફરીયાદની વિગત | તપાસ અધિકારીની વિગત અને તપાસ સોંપણીની તારીખ | તપાસ દરમ્યાન સામે આવેલ ગેરરીતિની વિગત | જવાબદારો સામે લીધેલ પગલાંની વિગત |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | સંજેલી તાલુકાના સરોરી ગામે મૃત્યુ પામેલ લાભાર્થીના પૈસા ઉપાડવા બાબત. | લોકપાલશ્રી, તા.૦૧–૦૯–૨૦૨૨ | લોકપાલશ્રી દ્વારા રૂબરૂ તપાસ કરતા મૃત્યુ પામેલ શ્રમિકને મરણ થયા બાદ કોઈપણ ચૂકવણા કરવામાં આવેલ નથી તેમ જણાયેલ હોઈ કોઈ ગેરરીતિ ધ્યાને આવેલ નથી. | – |

| ક્રમ | ફરીયાદની વિગત | તપાસ અધિકારીની વિગત અને તપાસ સોંપણીની તારીખ | તપાસ દરમ્યાન સામે આવેલ ગેરરીતિની વિગત | જવાબદારો સામે લીધેલ પગલાંની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ફતેપુરા તાલુકામાં સાગડાપાડા ગામે મનરેગા યોજનામાં ખોટા જોબકાર્ડ બનાવી નાણાની ઉચાપત કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ફતેપુરા તા.૦૯–૦૬–૨૦૨૩ | ફતેપુરા તાલુકામાં સાગડાપાડા ગામે અરજદારશ્રી દ્વારા અગાઉ સદર બાબતે તકેદારી આયોગમાં અરજી કરેલ જેમાં તપાસ કરતાં મરણ પામેલ વ્યક્તિઓના નામના જોબકાર્ડમાં મજૂરીના નાણા ચૂકવામાં આવેલ છે તેમ જણાયેલ છે. | તપાસના અંતે જવાબદાર ગ્રામ રોજગાર સેવકને ફરજમુક્ત કરવામાં આવેલ છે. |

––––––––

**સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત મળેલ રકમ**

અતારાંકિતઃ ૧૨૯૧ (૨૭–૧૦–૨૦૨૩) **શ્રી અરવિંદભાઇ લાડાણી** (માણાવદર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત ભારત સરકાર તરફથી કેટલી રકમ મળી છે,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ રકમ પૈકી કેટલી રકમ વર્ષવાર વપરાઇ અને કેટલી રકમ વર્ષવાર વણવપરાયેલી રહી, અને

(૩) ઉક્ત રકમ વણવપરાયેલી રહેવાના કારણો શાં છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (૧૫–૦૨–૨૦૨૪)

(૧)

| ક્રમ | વર્ષ | ભારત સરકારશ્રી તરફથી મળેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૧ | ૨૬૯૩૪.૭૧ |
| ૨ | ૨૦૨૧–૨૨ | ૧૩૬૫૩.૨૬૦ |
| ૩ | ૨૦૨૨–૨૩ | ૧૩૧૬૭.૯૧૦ |
| ૪ | ૨૦૨૩–૨૪ (૩૦–૦૯–૨૦૨૩ સુધી) | ૦.૦૦ |

(૨)

| ક્રમ | વર્ષ | વર્ષવાર વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૧ | ૩૩૮૦૬.૨૯૨ | ૧૪૫૧૯.૭૨૪ |
| ૨ | ૨૦૨૧–૨૨ | ૨૨૧૬૮.૫૯૧ | ૬૦૯૯.૮૭૮ |
| ૩ | ૨૦૨૨–૨૩ | ૯૮૭૮.૭૮૨ | ૯૩૬૦.૬૨૧ |
| ૪ | ૨૦૨૩–૨૪ (૩૦–૦૯–૨૦૨૩ સુધી) | ૮૦૬૨.૫૧ | ૪૫૬.૭૧ |

(૩) સદર ગ્રાંટનો ખર્ચ હિસાબી વર્ષ (૧લી એપ્રિલ થી ૩૧મી માર્ચ) પ્રમાણે થાય છે. માર્ચ અંતિત ગ્રાંટ ફાળવેલ હોય બેલેન્સ છે.

––––––––

**રાજ્ય ગૌચર વિકાસ સમિતિની રચના**

અતારાંકિતઃ ૧૪૪૭ (૩૦–૧૧–૨૦૨૩) **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્ય સરકારે ગૌચર મેનેજમેન્ટ પોલીસી–૨૦૧૫ પ્રસિદ્ધ કરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ પોલીસી હેઠળ સ્ટેટ લેવલની રાજ્ય ગૌચર વિકાસ સમિતિની રચના ક્યારે કરવામાં આવી,

(૩) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ કમીટીની રચના થયા બાદ ક્યારે ક્યારે મીટીંગ મળી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કમીટીની ભલામણો અન્વયે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) **:** (૧૯–૦૨–૨૦૨૪)

(૧) હા.

(૨) મહેસૂલ વિભાગના તા.૦૧–૦૪–૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: જમન/૩૯૧૧/૩૧૯૪/ગ થી થયેલ ગૌચરની જમીનના વ્યવસ્થાપન કરવા અંગેની નીતિમાં સ્ટેટ લેવલની રાજ્ય ગૌચર વિકાસ સમિતિની રચના કરેલ છે.

(૩) રાજ્ય ગૌચર વિકાસ સમિતિની બેઠક તા.૨૨–૦૯–૨૦૨૩ના રોજ મળેલ છે.

(૪) તા.૩૦–૦૯–૨૦૨૩ની સ્થિતિએ કમિટીમાં એનિમલ વેલફેર ફાઉન્ડેશન તથા અન્ય દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં PIL 81/2023 થી માંગવામાં આવેલ દાદ ઉપર ચર્ચા કરવામાં આવી અને તે સંદર્ભે જરૂરી અમલવારી કરવા નિર્ણય કર્યો અને PIL નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડતર છે.

--------

**માનનીય મંત્રીશ્રીઓના કાર્યાલય ખાતે મુલાકાતીઓના નાસ્તા/ ભોજન બીલની ચૂકવણી**

અતારાંકિતઃ ૧૩૮૭ (૧૬–૧૧–૨૦૨૩) **શ્રી હેમંતભાઇ આહિર** (જામજોધપુર) **: માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬–૧૨–૧૯૯૬ અને તા.૩૦–૦૮–૨૦૦૩ના ઠરાવ અન્વયે માનનીય મંત્રીશ્રીઓના કાર્યાલય ખાતે સરકારી સમારંભ/બેઠકોમાં તેમજ માનનીય મંત્રીશ્રીઓના મુલાકાતીઓ માટે ચા, કોફી, ઠંડા પીણા, હળવા નાસ્તા તથા ભોજનના બિલોની ચૂકવણી અંગેની વ્યવસ્થા સંબંધિત વિભાગો દ્વારા કરવાની થાય છે તે અન્વયે તા.૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં માસવાર વાહન વ્યવહાર પ્રભાગ કે તેના તાબાની કચેરી દ્વારા કયા મંત્રી/રાજ્ય કક્ષાના મંત્રીના કાર્યાલયના કેટલી રકમના બિલની ચૂકવણી કયા કેટરર્સને કરવામાં આવી, અને

(૨) ઉક્ત રકમ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૦–૦૨–૨૦૨૪)

(૧) તા.૩૧–૧૦–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર પ્રભાગ કે તેના તાબાની કચેરી દ્વારા મંત્રીશ્રી/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના કાર્યાલયના કોઇ બિલની ચૂકવણી કરવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| **ક્રમ** | **વિભાગનું નામ** | **પ્રશ્ન ક્રમાંક** | **કુલ** |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૪૩૨ | ૧ |
| ૨ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૧૩૬૯ | ૧ |
| ૩ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૧૭, ૧૦૬૮, ૧૧૨૬, ૧૧૭૭, ૧૬૨૨, ૧૬૬૯ | ૬ |
| ૪ | ગૃહ વિભાગ | ૨૯૭, ૩૧૮, ૩૧૯, ૪૭૧, ૮૦૨, ૮૬૨, ૧૧૭૬, ૧૩૮૨, ૧૫૫૫, ૧૫૭૧, ૧૫૮૫, ૧૫૮૬, ૧૬૧૦, ૧૬૪૫, ૧૬૭૪ | ૧૫ |
| ૫ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૬૦, ૧૦૯૮, ૧૨૯૧, ૧૪૪૭ | ૪ |
| ૬ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૧૩૮૭ | ૧ |
| | | **કુલ** | **૨૮** |

--------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.